## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**જીત ગમે છે,હાર ગમે છે, કારણકે સંસાર ગમે છે.**
**નાના એવા મનમાં વ્યાપ્યો આકાશી વિસ્તાર ગમે છે.**
**એ જ પછી ચીંધે છે રસ્તો મારગમાં પડકાર ગમે છે !**
**સ્વાગત માટે કાયમ તત્પર ઘરનાં ખુલ્લાં દ્વાર ગમે છે.**
**- ગણપત પટેલ 'સૌમ્ય'**

### પાથેય

- રમેશ ઠક્કર

## દોડધામનો માણસ...

ગામઠી શાળામાં ભણેલા 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર !' આજનો જમાનો ઝડપ ઉપર સવાર છે..હમણાં જ મારી ગાડીને પૂરપાટ ઝડપે ઓવરટેક કરતો એક મોટર સાયકલ સવાર માત્ર સો ડગલાં આગળ જઈ નિરાંતે ઉભો રહી ગયો ! જ્યાં એના જેવા જ ચાર પાંચ યુવાનો એની રાહ જોતા હતા..આને ઉતાવળ કહેવાય કે ભૂતાવળ ? અધીરાઈ એ સૌથી ખરાબ પ્રકારની ઉતાવળ છે !

આજનો માણસ એટલે દોડધામનો માણસ..એને બધું જલ્દી જલ્દી કરી નાખવું છે...એણે ઉતાવળે આંબા પકવવાનું બીડું ઝડપ્યું છે..એને કેરીની મીઠાશનો અનુભવ નથી..એને આકર્ષક દેખાતા બાહ્ય રંગરૂપમાં રસ છે..ઉતાવળ ખોખલાપણાનો પર્યાય બની જાય છે..હમણાં એક નવકવિ મળ્યા એમણે એક હજાર જેટલાં કાવ્યો ગણતરીના દિવસોમાં જ લખી નાખ્યાં છે..મને કહે તમે ઝડપથી વાંચી મને કશુંક લખી આપો..મેં નમ્રતાથી કહ્યું...'મને એકાદ મનગમતું કાવ્ય વાંચવામાં અને વાગોળવામાં મહિનાઓ થાય છે..!' એ ઝડપથી નિરાશ પણ થઈ ગયા !

આવું ફકત લેખનની દુનિયામાં જ થઈ રહયું છે એવું નથી..ચારેતરફ અફડાતફડીનો માહોલ છે..હોટલ કે રેસ્ટોરન્ટમાં જાઓ ટેબલ ઉપર તુરત જ વાનગી આવી જાય એવો આગ્રહ હોય છે..મુસાફરી કરીએ તો બારીની બહાર નીરખવાનો કે સીમ વગડાનો વૈભવ જોવાનો આપણને સમય નથી..આપણી નજર સ્પીડના મીટર ઉપર જ હોય છે..પુરપાટ ઝડપે પસાર થતી સડક સિવાય આપણે કશુંય પામી શકતા નથી..!

ઉતાવળની ઉપલબ્ધિમાં અંતે અંતે તો કંટાળો કે રઘવાટ જ હોય છે..હમણાં ટી.વી.ઉપર 'ઇન્ડિયન આઈડોલ' નામે સરસ કાર્યક્રમ ચાલે છે..એમાં નવા ઉભરતા ગાયકો અને ગાયિકાઓ જૂની ફિલ્મોનાં ગીતો ગાઇ અદ્ભુત માહોલ ઉભો કરે છે. એમાં નેવુંના દાયકાનાં ગીતો જ મોટાભાગે હોય છે..શું એ પછી કોઇ કર્ણપ્રિય ગીતો બન્યાં જ નથી.? હકિકત એ છે કે એ પછીનું ફિલ્મી સંગીત એ ઉતાવળે પાકેલા આંબા જેવું છે..નિરાંતે અને સાધનાથી બનેલાં ગીતોની મીઠાશ જ અનોખી હોય છે..આજે ગીતો બને છે એ ફાસ્ટફૂડ જેવાં હોય છે..તાજાં હોય ત્યાં સુધી સરસ લાગે..અને પછી વાસી બનીને વિલાઈ જાય..

ચીવટ કે ધીરજ આજે વેદિયાપણામાં ખપી જાય છે..પાણીના પરપોટા જેવો પુરૂષાર્થ ઘડીકમાં સપાટી ઉપર સળવળી એટલી જ ઝડપથી શાંત પડી જાય છે..માણસને ડગલું ભરવામાં રસ નથી... સીધા ટેઈક-ઓફ થવાની તાલાવેલી છે..રાતોરાત ધંધો જમાવવો છે..એ જ રીતે ભણી લેવું છે..જલ્દી નામના મેળવી લેવી છે..બસ બધું ફટાફટ કરવું છે..પણ કુદરતની વ્યવસ્થામાં એવું નથી..વૃક્ષો જલ્દી જલ્દી ઉગતાં નથી..વરસાદ રાતોરાત પડતો નથી..નદીઓ એકાએક વહેવા માંડતી નથી..એનો આ શાશ્વત ભાવ એટલે જ આપણને ગમે છે... ઉતાવળે દોડતો માણસ રઘવાટ સિવાય કશું જ પામી શકતો નથી...

એવું કહેવાય છે કે કોઇપણ બાબતે ઉતાવળથી કામ કરો અને પછી નિરાંતે પસ્તાઓ..એમ જ કહી શકાય કે કોઇપણ કામ ધીરજ અને નિષ્ઠાથી કરો અને નિરાંતે આનંદ કરો..આજના જમાનાની જટીલ સમસ્યા એટલે અધીરાઇ..આપણા વડવાઓ ટાઢા કોઠે જીવતા..તનતોડ મહેનત કરતા..નિરાંતે ગામતરૂં કરતા. છાંયડે બેસી નિરાંતે રોટલો ખાતા..ઢોલિયો ઢાળી બાદશાહી ઢબે આડે પડખે થતા..સુખના તમામ શિરપાવ એમને મળતા..આજનો માણસ મોંઘાદાટ ડાઈનિંગ ટેબલ ઉપર પણ રઘવાયો બનીને બેસે છે..નાહકની દોડધામ કરી થાકી જાય છે..મુલાયમ પથારી અને આકર્ષક બેડરૂમમાં પણ એ પડખું ફેરવી ઉંઘી શકતો નથી..આ બધી પળોજણ ઉતાવળને આભારી છે..આધુનિકતાની સાથે આવેલો આ વળગાડ માણસને અંત સુધી છોડતો નથી..! દોડી દોડીને અંતે મેળવવું છે શું? એવો પ્રશ્ન કોઇનેય થતો નથી એ પણ એક વિસ્મય છે.

# આ સમય સંક્રાતિકાળનો છે

**તંત્રીસ્થાનેથી...**

ભવભૂતિએ તો પોતાની ઉપેક્ષા સંદર્ભે જ પેલો પ્રસિદ્ધ શ્લોક ઉચ્ચાર્યો હતો પરંતુ એ અનેક અર્થઈચ્છાઓ સહિત આજે સાર્થક અને પ્રાસંગિક બની રહ્યો છે. કાલોહ્યં ચિરવધિ - વિપુલા ચ પૃથ્વી - આ કાળ અનંત છે અને પૃથ્વી ઘણી મોટી છે. મહાત્મા ગાંધીને વીસમી સદીના સૌથી મોટા મહાપુરુષ તરીકે ખ્યાતિ મળતી રહી છે એમને રાજકારણી કરતાં એક અકિંચન સંત મહાત્માની કોટિમાં મૂકવા પાછળ પણ વાજબી ભૂમિકા હતી જ વળી. પોતે જીવનભર 'સત્યના પ્રયોગો' કરતા રહ્યા. એકાદશ વ્રતોનું પાલન કરવા પોતાની જાતને જ કસોટીની એરણે ચડાવી એમાં કયારેક લોકનિંદાનો ભોગ પણ બન્યા. એમને તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે સત્યના શોધકે તો રણકણથીય નીચા રહેવું પડે. પોતે જે કંઈ યોગ્ય લાગ્યું એ કહ્યું અને જે કંઈ કહ્યું તે આચરી પર બતાવ્યું. એમણે એક સાથે અનેક દિશાઓમાં ગતિ કરી. દેશની આઝાદીની ચળવળ એ એમને માટે ટૉપ પ્રાયોરિટીવાળો પ્રોગ્રામ નહોતો. એ તો દેશની પ્રજાને એટલા સારું વિદેશી શાસનથી મુક્તિ કરવા ચળવળ ચલાવતા હતા કે વિદેશી શાસકોએ પ્રજાને લૂંટીને સાવ ચીંથરુ બનાવી દીધી હતી. એનું સ્વાભિમાન ઘવાયું હતું. ગરીબ પ્રજાને ખાવા ધાનનાં સાંસા હતા અને પહેરવા વસ્ત્રનાં ફાંફાં હતા. આ એ જ દેશ જે કયારેક 'સોનાની ચિડિયા' જેવા રૂપકડા અલંકારોથી ઓળખાતો હતો. અહીં વિશ્વની પહેલી સંસ્કૃતિ વિકસી હતી, પહેલી કવિતા રચાઈ હતી, પહેલું પુસ્તક લખાયું હતું. એવા સમૃદ્ધ દેશની દુર્દશા એમનાથી જોઈ ન ગઈ એટલે એ ઘર-પરિવારની ચિંતા છોડી દેશસેવામાં ખૂંપી ગયા હતા. રંગભેદની નીતિ સામે દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહ કરીને આવ્યા હતા. હવે અહીં પોતાના જ દેશમાં અસ્પૃશ્યતા અને દારૂ જેવા વ્યસનોને લીધે તથા શાહુકારોના શોષણને કારણે દારુણ દરિદ્રી ભોગવતાં કરોડો ભાંડુઓને તેઓ 'સ્વરાજ' અને 'ગ્રામજનો' - રાજ રાજયના શુભ પરિવેશમાં પ્રસ્થાપિત કરવા માગતા હતા. વિવિધ ભાષાઓ અને સંપ્રદાયોની વાડાબંધીને કારણે એકમેકથી વિખૂટી પડી ગયેલી પ્રજાને એક તાંતણે બાંધવા માટે એમણે રાષ્ટ્રભાષાનો વિચાર મૂક્યો અને 'હિંદુસ્તાની' નો પ્રચાર પણ કર્યો. જાતે જાજરૂ સાફ કરીને છેવાડાના અસ્પૃશ્ય માનવી માટે 'હરિજન' જેવો સાર્થક શબ્દ આપી પોતે આશ્રમમાં એક ભંગી કુટુંબને રાખ્યું અને એની દીકરીને દત્તક લીધી. આવા વિશ્વ માનવ સામે વિભાજનની વિભીષીકા આવી ત્યારે સ્વાભાવિક રીતે જ એમણે એને શક્ય ત્યાં સુધી ટાળવા પ્રયાસ કર્યો. પરંતુ 'ડિવાઈડ એન્ડ રુલ' ના સિદ્ધાંત પર રાજ કરનાર અંગ્રેજ તો હિંદુસ્તાનના ટુકડા કરીને એણે જતાં જતાં લોહીઝાણ જ કરતો ગયો. ગાંધીને મન હિંદુ અને મુસલમાનનો કોઈ ભેદ નહોતો. એમણે ગીતા જેટલો જ કુરાન અને બાઈબલનો પણ આદર કર્યો હતો. ઈમામ સાહેબની દીકરી અમીનાને એમણે પોતાની દીકરી ગણીને કંકોટરી છપાવીને પરણાવી હતી. આવા ગાંધીને ગાળો ખાવાનો પણ વખત આવશે એવી તો કોઈને કલ્પના પણ ક્યાંથી કરી હોય ? પરંતુ ગાંધીના માર્ગે ચાલવાની વાતો કરતાં મોદીના રાજમાં એવી ઘટનાઓને ઉપાડો લીધો છે તે હકીકત છે. હરિદ્વાર અને રાયપુરની ધર્મસંસદોમાં જે પ્રવચનો થઈ રહ્યાં છે તે કોઈ પણ સંવેદનશીલ ભારતીય નાગરિકને આઘાત પહોંચાડે એવાં છે. મુસલમાનો પ્રત્ય હિંસક ભાષામાં આક્રોશ વ્યક્ત કરતાં સાધુને સાધુ કેવી રીતે કહેશું ? જાણે ગાંધીએ જ મુસલમાનો માટે લાલ જાજમ પાથરીને એમને આશ્રય આપ્યો હોય એવી છાપ આ બધાનાં મોંમાથા વગરનાં અને ઐતિહાસિક અજ્ઞાનથી ભરેલાં ઝેરીલાં ભાષણો પરથી પડે છે. મુસલમાનોએ તો સેંકડો વર્ષો સુધી રાજ કરેલું છે. એ વખતે પણ સાધુ સંતો હતા જ. ધર્મઝનૂની શાસકોએ ત્રાસ પણ ગુજારેલો છે. પમ એની સજા આજે દેશમાં રહેલા મુસલમાન નાગરિકોને આપવા કેટલું ઔચિત્ય લેખાશે ? ગોડસેની જય બોલાવનારાઓ પ્રત્યે પણ સાચા ગાંધીજનને તો વેરભાવ નહીં જ જાગે. પરંતુ 'રાષ્ટ્રપિતા' જેવું બહુમાન ચાલુ રાખીને ગોડસેનાં વખાણ મૂંગા મોં એ સાંભળવાં એ વડાપ્રધાન સહિત શાસક હિંદુત્વવાદી પાર્ટીને શોભે છે ખરું ? એવું લાગે છે કે આ પણ સમયની જ બલિહારી છે. કાલે ગાંધીનાં બાવલાં તોડીને ગોડસેનાં મુકાઈ જાય તો કોઈને નવાઈ ન જ લાગવી જોઈએ !

# મનોરંજન અને કોરોનાનું વિષચક્ર




સિનેમા ગૃહો અને નાટ્યગૃહોમાં હવે સંખ્યા થવા લાગી છે. ફિલ્મો પમ હવે રિલીઝ થઈ રહી છે અને એની સામે મુંબઈમાં નાટકો પણ ધીમે ધીમે પ્રસ્તુત થઈ રહ્યાં છે. સલમાન ખાન અભિનિત ફિલ્મ 'અંતિમ' રિલીઝ થઈ પણ બહુ કોઈનું ધ્યાન ગયું નહીં. હાં, આ સમયગાળામાં કેટરિના કૈફનાં લગ્ન હતા. હિન્દુ-મુસ્લિમ લગ્ન તરીકે પણ એને જોવામાં આવ્યા અને એ સંદર્ભે ઘણી બધી ચર્ચાઓ પણ ચાલી. સલમાન ખાને કેટરિના કૈફને સૌથી મોંઘીદાટ ભેટ આપી એ પણ ચર્ચામાં ચાલી, આમ, તો એક તબક્કે કેટરિના કૈફ અને સલમાન ખાન એકબીજાની ઘણી નિકટ હતાં છતાં વિકી કૌશલ સાથે આખરે કેટરિનાએ લગ્ન કર્યા. આમ તો, ઘણી બધી અભિનેત્રીઓ સાથે સલમાનના લગ્નની વાત ઊડી હતી પણ એ વાતો હવામાં જ રહી હતી.




'અંતિમ' ફિલ્મની સાથે જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે '૮૩' પણ રિલીઝ થઈ. ફરી એકવાર રણવીર સિંહ અને દિપીકા પાદુકોણ પતિ-પત્ની જોડી આ ફિલ્મમાં જોવા મળે છે. આમ, તો આખી ફિલ્મની કથાથી આપણે સહુ પરિચિત છીએ. કપિલદેવના ૧૭૪ રન અને ભારત ક્રિકેટના જગતમાં પહેલી વખત વિશ્વકપ જીતે છે, એ સુવર્ણ ઘટનાને લઈને બનેલી આ ફિલ્મ છે રોમાંચ એ વાતનો રહે છે કે, આ ઘટના પરથી દિગ્દર્શકને ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો અને એણે ફિલ્મ બનાવી, રોમાંચનું તત્ત્વ જાળવી રાખીને.

'૮૩' વિશ્વકપની ઘટના પર આધારિત ફિલ્મ છે. જયારે 'એમ એસ ધોની' ધોનીના જીવન પર આધારિત ફિલ્મ છે. હાં બંનેમાં કેન્દ્રમાં ક્રિકેટ છે, એની ના નથી પણ બંને ફિલ્મોની એ રીતે તુલના શક્ય નથી. '૮૩' કપિલદેવના જીવન પર આધારિત નથી. એ તો વિશ્વકપ પર આધારિત છે અને એ વખતે કપિદેવનું નેતતૃત્વ હતું એટલે થોડા અંગત સ્પર્શ મળે છે. બાકી તો '૮૩'ની સાથે સાથે જેની સતત ચર્ચા થાય છે તે '૨૧મું ટિફીન'. ગુજરાતી ફિલ્મ. એ ફિલ્મની સાથે બીજીએ ગુજરાતી ફિલ્મો પણ આવી 'ધુમ્મસ' અને 'બેનકાબ'. આ બંને ફિલ્મો રહસ્ય અને રોમાંચથી ભરપૂર છે. ગુજરાતી તખ્તાના જાણીતા કલાકારો એમાં ભૂમિકા ભજવી રહ્યા છે.નિમેશ દિલીપરાય 'બેનકાબ'માં છે તો જયેશ મોરે 'ધુમ્મસ' માં છે. આ ગુજરાતી ફિલ્મો પણ અન્ય ગુજારતી ફિલ્મોથી સાવ અલગ છે. એટલે થિયેટરમાં ચાલવી તો જોઈએ.

સિનેમાગૃહો અને નાટ્યગૃહોના દરવાજા ખુલ્યાં છે ત્યારે કોરોનાના વિષચક્રનો ફરિ ભય તોળાઈ રહ્યો છે. આ ભય હકીકતમાં ન બદલાઈ એ જ કલાપ્રેમી તરીકે આપણે ઈચ્છીએ...

### દિન મહિમા

- પંડિત ઓમકારનાથ ઠાકુરની પુણ્યતિથિ
  ભારતની આઝાદીની પ્રથમ મંગળ પ્રભાતે વંદેમાતરમ્ રાષ્ટ્રગીત ગાનાર ઓમકારનાથ ઠાકુરનું પક્ષપાત અને અન્ય બીમારીઓને કારણે નિદાન થયું હતું.
- રાજેશ ખન્નાની જન્મજયંતિ
  હિંદુસ્તાનીઓના દિલો પર રાજ કરતાં સ્વર્ગસ્થ રાજેશ ખન્નાની આજે જન્મજયંતિ છે.

આજનું
### ઔષધ

- કોઠાનું શરબત સવાર, બપોર, સાંજ ૧-૧ કપ લેવાથી હલતા દાંત અને પેઢાં મજબૂત થાય છે.
- પાલકના પાનનો રસ, ઉકાળો લેવાથી પથરી ઓગળી જાય છે.

### ખડખડાટ

- વધારે ફોન વાપરવાથી આંખો ખરાબ થાય,
  એટલે હું એક જ ફોન વાપરું છું.


આજનો
### વોટ્સએપ

- માણસને મળતી દરેક વસ્તુ કાંઈ એની જ મહેનતથી નથી મળતી કયારેક કોઈના આપેલ આશીર્વાદ પણ કમાલ કરી જાય છે.

### અર્ઝ કીયા હૈ...

- રૂપથી અંજાયો નથી,
  સ્નેહથી ભીંજાયો નથી.
  તું કહે છે પીછો છોડ,
  કેમ કહું કે હું તો પડછાયો છું
  ૦ મહેન્દ્ર દલાલ
- ભીતરે વૈશાખ છે આઠે પ્રહર
  ને અષાઢી આંખ થાતી જાય છે.
  પણ તને આ વાત કયાં સમજાય છે!
  ૦ નેહા પુરોહિત

# ઉદાસ આંખો અને તૂટેલાં દિલને સાચવવા મથતી ડૉ. સ્વાતિ મૌન રુદન કરી રહી હતી




તિમીર ગાઢ થતું ગયું. આશા હતી કે થોડું અંધારું ઓછું થશે. પણ ના, શિક્ષણ, કોમ્પ્યુટર, જોબ એ બધા પછી પણ જીવનનો અંધકાર ઓછો ન થયો. જીવનમાં જેમ શ્વાસ, હવા, તાપ, ભોજન જરૂરી છે તેમ જ આ પણ જાણે જરૂરી કેમ છે? શું તેના વગર આપણે રહી ન શકીએ ? બધી ચીજો સફેદ કે કાળી જ શું કામ હોવી જોઈએ ? કોઈ ત્રીજો રંગ કેમ ન હોય ?

તેને ખુબ પ્રેમ કરનાર પ્રેમાળ પપ્પા યાદ આવ્યા. તેના જન્મથી ખુશ ઈ તેમણે દાયણને એટલા રુપિયા આપેલા કે ખોબો નાનો પડેલો. તેની મમ્મી તેને હંમેશા હેત પ્રિતથી વ્હાલ કરી પોતાના પગ પર ઊભા રહેવાનું શીખવાડતી રહી. કોન્વેન્ટમાં ભણતાં તે દશમીમાં આવી એટલે પપ્પા એ તેમની બદલી પાટનગરમાં કરાવી લીધી. તે વખતે નાનો ભાઈ પણ સ્કૂલે જવા લાગ્યો હતો.

હવે તેને થોડું થોડું સમજાવા લાગ્યું હતું. તેની સ્કૂલમાં સાથે ભણતો સમીર તેને ચાહવા લાગ્યો હતો. બંને અનેક સ્પર્ધામાં સાથે જીત્યા હતા. હૃદય ધક... ધક.... કરવા લાગતું. જયારે તે પ્રેમભરી નજરે તેની તરીફ જોતો. તે દિવસે તેણે એકાંતમાં કીસ કરી, જિંદગીની એ પહેલી કીસ... યાદ કરતાં આજે પણ રોમાંચ થાય છે. શું ખરેખર આને પ્રેમ કહેવાય ? તે દરમિયાન એક દિવસ મમ્મીએ તેની છાંતી અને હાથ પરની રુંવાટીને વેકિંસગ કરીને ઉખાડેલ. બહુ દર્દ થયેલું. પણ પછી ન્હાતી વખતે તેણે પોતાની જાતને જોઈ તો મંત્રમુગ્ધ થઈ ગયેલી. તે દિવસે જ મમ્મી તેને કંઈક કહેવા માંગતી હતી પણ પછી તે ખુશ જોઈ ચૂપ રહી ગયેલી.

થોડા દિવસ બાદ સમીર ઘેર આવવા લાગ્યો હતો. મમ્મી કંઈ કહેતી નહીં પણ પપ્પાને ગમતું ન હોય એમ લાગતું. તેને સમજ પડતી નહોતી કે પપ્પાએ તેની સાથે હળવા મળવાનું ઓછું કેમ કરવા કહેલું. તે બંનેને દુઃખ પહોંચાડવા માંગતી નહોતી. છેવટે સમીર સમયની સાથે કયાંક વિખૂટો પડી ગયો. તે એમ.બી.બી.એસ.માં આવી ગઈ. હવે તેને બધું સમજાતું હતું. તે હેરાન-પરેશાન થતી, પણ સાયન્સ પાસે તેનાં કોઈ ઉપાય નહોતો. તમે કોઈના પર પણ ભરોસો ન કરી શકો. ફક્ત મમ્મી-પપ્પા તેની સાથે હતાં. પોતાના સંકોચ સાથે તે કયારેક ગંભીરતાની મૂરત સમી ડૉ. સ્વામિ બની ગઈ તે પોતે પણ નથી જાણતી. ત્યારે તેની જિંદગીમાં આવ્યો અવિનાશ. સાથી ડૉકટર. ખુબ જ જિંદાદિલ અને પ્રેક્ટિકલ. બંને સાથે મળી નર્સિંગ હોમ ખોલે તેવો તેનો પ્લાન હતો. તેણે ના પાડી. પણ તે આગળ ને આગળ વધતો ગયો. અને કયારેક તેમના આ સંબંધ પ્રેમમાં પરિણમ્યો તે તેને પણ ખબર ન પડી.

હમણાં જ ડીનર પછી તે ડાયમન્ડ રીંગ પહેરાવી ને ગયો છે. હવે તેને સાચું કહેવું જ પડશે. કઈ રીતે ? શું કહેવું ? શું ચોખ્ખે ચોખ્ખી લગ્નની ના પાડી દેવી, પણ બહાનું શું કાઢવું ? અને જો તે બધાંને કહી દે તો ? પચ્ચીસ વર્ષમાં બાપની તપસ્યા, તેમની મહેનત બધું ધૂળધાળી થઈ જશે. જોખમ તો છે.

પણ જણાવવું તો પડશે જ કે પોતે ટ્રાન્ડજેન્ડર છે. ડૉ. સ્વાતિ. જેણે કિન્નરોની વચ્ચે, ગમાર અભણ હોવું જોઈએ. તે આજ એક ડૉકટર છે. પોતાના મમ્મી પપ્પાના મજબુત ઈરાદાઓ અને ત્યાગને કારણે. જીવનસાથી ભલે નહીં પણ એક મજબૂત મનોબળ ધરાવતી સશક્ત જિંદગી તેને મળી છે.

વ્હોટએપ કરવાનું જ બરાબર રહેશે. કંઈ કહેવા કરતાં. બે કલાક થઈ ગયા. મેસેજ પર વાદળી નિશાનીમાં લાગી ગયું છે. કંઈ જવાબ નથી. ઉદાસ આંખો અને તૂટેલાં દિલને સાચવવા મથતી ડૉ. સ્વાતિ મૌન રુદન કરી રહી હતી. ઈશ્વરને જાણે પૂછતી હતી. જો આવો જન્મ દીધો તો પછી દિલ શું કામ દીધું ? ઈચ્છાઓ અને અરમાનો શું કામ દીધાં ? તે પણ ન આપ્યાં હોત તો દિલ તૂટવાનું દર્દ તો ન થાત.

તે સમયે જ કોલબેલ વાગી. રાતના અગિયાર વાગ્યા હતા. ઊઠીને ફ્લેટનો દરવાજો ખોલે છે. સામે ફૂલનું મધમધતું બુકે લઈ ડૉ. અવિનાશ ઊભો છે.

# જીવન પ્રત્યેનો અભિગમ વ્યક્તિત્વમાં પ્રતિબિંબીત થાય છે




**એની આંખોમાં હું સમાયો છું**
**ત્યારથી ચોતરફ છવાયો છું**
**આયનાને ય જાણ ક્યાં થઈ છે**
**છેક ભીતરથી હું ઘવાયો છું**
**નોંધ ક્યાં થઈ મારી હયાતીની**
**હું મરણ બાદ ઓળખાયો છું**
**જે મળે તે બધા કહે છે મને**
**તારા કરતાં તો હું સવાયો છું**
**એના નામે જ હું વગોવાયો છું**
**એટલે ફૂલ મેં ચઢાવ્યા છે**
**હું જ આ કબ્રમાં દટાયો છું**
**મારી ઓળખ હું ખોઈ બેઠો ખલીલ**
**એટલી નામના કમાયો છું !!**
**(ખલીલ ધનતેજવી)**

અફાટ સમુદ્રની લહેરો તેની જ વચ્ચે ઉઠ્યા જ રે છે અને પૃથ્વી ઉપર દિવસ-રાતનું ચક્ર અવિરત ચાલતું રહે છે. તેમાં પ્રત્યેક સજીવ અને તેમાં માનવી પણ આશાવાદી રહીને નવું કે વધુ ઉમદા મળશે તેની ખ્વાહિશમાં જીવતા રહે છે. કુદરતના ક્રમમાં કોઈ પરેશાની કે ગરબડ કદી હોતી જ નથી પરંતુ આપણે બધા નિજી સ્વાર્થ લાભ કે લાલચના કારણે અન્યનો વિચાર કર્યા વિના જીવ્યે જ જઈએ છીએ એટલે બધા પ્રકારનાં સંતોલન વિકૃત થયા જેમાં જળવાયુ પ્રદૂષણ પણ આવી જાય છે ! અખિલ બ્રહ્માંડમાં એક વ્યક્તિની મહત્તા કેટલી ? બહુ જ ચિંતન કરવા જેવો વિષય છે. શેનો અહંકાર અને શા માટે ? હવાનું તેજ તોફાન આવે ને તણખલા ઊડીને કશે ખોવાઈ જાય એવું જ કંઈક આપણા અસ્તિત્વનું પણ છે! સારું થશે એવી જ ધારણાથી જીવવું એ હકારાત્મકત અભિગમ કહેવાય અને તેમાં ખુબ સુખદ અનુભૂતિ થઈ શકે છે બાકી અન્ય તો સવાયા હોવાની વાતો કરતાં જ રહ્યા છે. ભીતરથી ઘવાયેલાની જાણ છતી થતી નથી.

જીવન શૈલીમાં આમુલ પરિવર્તન પણ સમયની જ બક્ષિસ છે અને આ પ્રક્રિયામાં હવે નવી પેઢીને જે કંઈ ઉપલબ્ધ બને છે તેને જ ઉત્તમ માની લે છે ત્યાં સારા-નરસાના ભેદની ચર્ચા બહુ જ જાગૃત પરિવારના માબાપ કે વડીલો કરતા હોય છે જે સંસ્કાર ઘડતરનું ફલક કહેવાય છે. એક પરિણામદાયી વ્યક્તિ સમાજમાં યોગદાન ત્યારે જ કંઈક આપી શકે જેની અંદર સત્વ યા તત્વ કે ગુણવત્તાનો અંશ હોય ! ડિજિટલ વર્લ્ડમાં બધું જ સારું હોય તે માનવું ભરેલું છે છતાં વિશ્વ દોડતું જ રહે છે અને અનિષ્ટ બાબતોને વેઠતું પણ રહે છે. ભારતમાં વર્ષો જૂનો અને ભવ્ય ઈતિહાસ અને ઘટનાઓ છે જેની સાથે મોટા ભાગનાં તહેવારો કે ઉત્સવો જોડાયેલા છે આવું વિદેઓશોમાં જોવા મળતું નથી. રામાયણ અને મહાભારત ને કલ્પીત માનવાની વાતોમાં વધુ પડતી નાસ્તિકતા છલકે છે કારણ કે આ બધી ઘટનાઓનાં પૂરાવા અને અંશો હજી પણ જોવા મળે છે. કોઈ પણ બાબતમાં માનવું નહીં એ પણ છેવટે તો એક માન્યતા જ હોય છે. જેના હોઠે સતત ગવાતા હોઈએ એ જ હોઠે વગોવણી આવવાની ઘણી શક્યતા છે જે પોષે એ મારે પણ ખરું એ ક્રમ વિશ્વનો જોવા મળે છે. અંદર રહેલું તત્ત્વ અંતે વ્યક્તિવનો હિસ્સો બનીને પ્રગટ થતો હોય છે ત્યાં કાનૂન કે નિયમ લાચાર થતાં જોવા મળે છે. સમાજની સ્થિતિ કેવી છે ? બજારમાંથી ખરીદેલી મૂર્તિ સામે હાથ જોડી માણસ સુખ શાંતિ અને ધન માંગે છે જો મૂર્તિઓ આપતી હોય તો દુકાનવાળો એને વેચે ખરો ?? છતાં આ પ્રકારનું દશ્ય જોવા મળે છે કારણ કે એ હજી ગળે ઉતર્યું નથી કે અતિ ઉત્તમ કર્મ સિવાય ઉદ્ધાર નથી !! જેવી કરણી તેવી ભરણીએ જ સિદ્ધાંત છે ત્યારે જીવન પ્રત્યેના અભિગમમાં બહુ જ બચપણથી વિચારબીજનું વાવેતર સરસ થવું જરૂરી હોય છે સમાજ જીવતે જીવની પ્રશંસા કે કદર કરવાના વલણથી ખુબ દૂર હટી ગયો છે અને મરણ બાદ ખુબ સુંદર અભિપ્રાયો વ્યક્ત કરવામાં આવે છે જેનો સાંભળનાર તો જતો રહ્યો !!

'આતે હૈ જરૂર અચ્છે લોગ
જીંદગી મેં જનાબ
લેકિન વો વક્ત પર નહિ આતે'

જીવન જીવવું ફરજિયાત છે અને ઈશ્વરનાં હેતુઓ તમારા કર્મોથી પાર પાડવામાં જો અન્ય કાજે જીવતા રહ્યા અને કંઈક સારું કર્યું તો જીવન ધન્ય થઈ જ જશે. મૂળમાં ઈશ્વરનાં પ્રતિનિધિ તરીકે સારા ઈન્સાન તરીકે જીવન વિતાવશો તો એ સાર્થક થશે ને જરૂર થશે બાકી અબજો જીવો જીવે અને મરે છે ત્યાં એક વ્યક્તિની શું વિસાત છે ? ઈબાદત જેવી અનુભૂતિ હોય તો શાંતિવાળું જીવન પણ સંભવ બને છે. પ્રેમતત્ત્વ એટલે ભાવવિશ્વ એટલે ઋજુતાનું પાથરણું અને શબ્દોની મીઠાશ આવા પ્રકારનાં વ્યવહારથી જીવન પ્રત્યે પ્રીતિ ટકી રહે છે. ઈશ્વરનું સ્વરુપ પ્રેમમય તેજોમય અને કરુણામય જ છે ત્યાં ધૃણા નથી જ.

'ઈલાજના દ્રુઢતું ઈશ્કા કા
વો હોગા હી નહીં
ઈલાજ મર્જ કા હોતા હૈ
ઈબાદત કા નહિ...!!'

હાલ આપણે બધા બહુ જ વિકટ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. મહામારી બંધ થતી નથી અને જીવનમાં ચિંતાકારક સવાલો વધી રહ્યા છે ત્યારે અંદરથી શ્રદ્ધાવાન થઈ કર્મો ઉપર શ્રદ્ધા રાખી જીવીએ સાર્થકતા ને ચાહીએ તો સારા દિવસો માટે સૂરજ ઉગતો જણાશે અને આપણી ઓળખ ખોવાશે નહીં.

**હાલ આપણે બધા બહુ જ વિકટ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ, મહામારી બંધ થતી નથી અને જીવનમાં ચિંતાકારક સવાલો વધી રહ્યા છે ત્યારે અંદરથી શ્રદ્ધાવાન થઈ કર્મો ઉપર શ્રદ્ધા રાખી જીવીએ સાર્થકતા ને ચાહીએ તો સારા દિવસો માટે સૂરજ ઉગતો જણાશે અને આપણી ઓળખ ખોવાશે નહીં**

**શેર આસ્વાદ :**
**રસ્તે પલાઠીવાળી બેઠો છું હું મરિઝ**
**ને આમ જોઉં તો ના સાધુ ન સંત છું !**